" नित्यकर्म "

(વૈદિક સંધ્યા અને અગ્નિ હોત્ર)



છપાવી પ્રકટ કરનાર

ગણુદેવીકર ઝીણાભાઇ નીછાભાઈ

સરાફી નામા સ્કૂલ માસ્તર

હરીપરા ફુવાળાનો ટેકરો-**સુરત.**

છાપનાર:-

ગોવિન્દજી ડાહ્યાભાઇ નાયક

" શ્રી અનાવીલ પ્રીન્ટીંગ પ્રેસ "

બરાનપુરી ભાગળ-**સુરત.**

માનવ સમાજના નિયમ.

(૧) સર્વ સત્ય વિદ્યા અને જે પદાર્થ વિદ્યાથી જણાય છે, તે સર્વનું આદિમૂલ પરમેશ્વર છે.

(૨) ઇશ્વર સચ્ચિદાનંદ સ્વરૂપ, નિરાકાર, સર્વશકિતમાન્, ન્યાયકારી, દયાળુ, અજન્મા, અનન્ત, નિર્વિકાર, અનાદિ, અનુપમ, સર્વાધાર, સર્વેશ્વર, સર્વવ્યાપક, સર્વાન્તર્યામી, અજર, અમર, અભય, નિત્ય, પવિત્ર અને સૃષ્ટિકર્તા છે. એવા ઇશ્વરનીજ ઉપાસના કરવી યોગ્ય છે.

(૩) ચાર વેદો સત્યવિદ્યાનાં પુસ્તકો છે. વેદનું ભણવું, ભણાવવું અને સાંભળવુ, સંભળાવવું એ સર્વ મનુષ્યોનો પરમ ધર્મ છે.

(૪) સત્ય ગ્રહણ કરવામાં અને અસત્યને છોડવામાં હમેશાં તૈયાર રહો.

(૫) સર્વ કામ ધર્માનુસાર એટલે સત્યાસત્યનો વિચાર કરીને કરવાં જોઇએ.

(૬) સંસારનો ઉપકાર કરવો, સર્વ આર્ય પુરૂષોનો મુખ્ય ઉદ્દેશ હોવો જોઇએ એટલે કે શારીરિક, આત્મિક અને સામાજીક ઉન્નતિ કરવી જોઇએ.

(૭) બધા સાથે પ્રીતિપૂર્વક, ધર્માનુસાર યથાયોગ્ય વર્તન થવુ જોઇએ.

(૮) અવિદ્યાનો નાશ અને વિદ્યાની વૃદ્ધિ કરવી જોઇએ.

(૯) પ્રત્યેક પોતાની ઉન્નતિથી સંતુષ્ટ રહેવાનું નથી, પણ સર્વની ઉન્નતિમાં પોતાની ઉન્નતિ સમજવી જોઇએ.

(૧૦) સર્વ મનુષ્યોએ સામાજિક સર્વહિતકારી નિયમ પાળવામાં **પરતંત્ર** રહેવું જોઇએ, અને પ્રત્યેક હિતકારી નિયમમાં સર્વ **સ્વતંત્ર** રહેવું જોઇએ.

ओ३म्

આ પુસ્તકમાં ઘણીવાર મંત્રની શરૂઆતમાં વપરાએલો **ओ३म्** કે **ओं** શબ્દ આવે છે તે પરમાત્માના નામોનું શ્રેષ્ઠ નામ છે. તે ત્રણ અક્ષર મળીને બનેલો છે. તે દરેકના અર્થ નીચે મુજબ છે. ત્રણ અક્ષર આ છેઃ- અ, ઉ, મ્

अ=સર્વ પ્રકાશક, રાજરાજેશ્વર, સર્વનિયન્તા, જ્ઞાનસ્વરૂપ, સર્વ વ્યાપક, સર્વને આશ્રય દેનાર, સર્વ બ્રહ્માંડમાં વ્યાપક પરમાત્મા.

उ=સૂર્ય, ચંદ્ર વગેરે પ્રકાશિત ચીજોને ગર્ભમાં રાખનાર, અનન્ત બળવાન્, સર્વને ધારણ કરનાર, સ્વયં પ્રકાશક, બીજામાં પ્રકાશ પ્રેરનાર ઇશ્વર.

म=સવ શક્તિમાન્ ન્યાયકારી, અનન્ત ઐશ્વર્યયુક્ત, નાશરહિત, જ્ઞાનસ્વરૂપ, સર્વજ્ઞ પ્રભુ.

નિવેદન.

પ્રિય ભાઇઓ! બ્રહ્મા, વિષ્ણુ અને શિવાદિક અને સરસ્વતી, ગાર્ગેયી, મૈત્રેયી વગેરે સ્ત્રીઓ પણ નિયમિત સંધ્યા કરતાં હતાં. તો તેમને પગલે ચાલીને દરેક મોક્ષ ઇચ્છનાર માણસે દરરોજ સંધ્યા કરવી જોઇએ. મનુ ભગવાન્ કહે છે કે–"જે સવાર સાંજ સંધ્યા નથી કરતો તે શૂદ્ર સમાન છે. અને તેની સાથે રોટી બેટી વગેરે વ્યવહારો ન રાખવા."

સંધ્યાનો અર્થ એ છે કે પરમેશ્વરનું જેમાં સારી રીતે ધ્યાન કરાય, તે સંધ્યા. શુદ્ધ, એકાંત જગામાં અંદર અને બહારથી શુદ્ધ થઇ સવારે અને સાંજે પ્રેમપૂર્વક સંધ્યા કરવી. પ્રથમ જલાદિથી બહારની શુદ્ધિ કરી, સત્ય વડે મનને પવિત્ર કરી, કામ ક્રોધ લોભ વગેરે થોડા વખતને માટે પણ ત્યાગ કરી અંતરની શુદ્ધિ કરી લેવી. આ રીતે સંધ્યા કરવાથી મન પવિત્ર, પ્રસન્ન અને નિર્મળ થશે. પાપો તરફ તિરસ્કાર છૂટશે. બળ, બુદ્ધિ, અને આરોગ્યતા વધશે. અને જગતપિતાની કૃપાથી દુર્ગતિ ન થતાં સદ્ગતિને પ્રાપ્ત થશું.

સંધ્યા કર્યા બાદ હવન (હોમ-યજ્ઞ) કરવો જોઇએ. દરેકે પોતાની સ્થિતિ મુજબ ખર્ચ કરવાનો છે.

અગ્નિમાં ઘૃત વગેરે હુતદ્રવ્યો નાંખવાથી હવામાંના ઝેરી જંતુઓનો નાશ થઈ હવા શુદ્ધ થાય છે. હાલમાં ફીનાઇલ જેવા પરદેશી દુર્ગંધિત દવાનો ઉપયોગ કરી શુદ્ધિ કરવા કરતાં આપણી પુરાની ચાલી આવતી રીત પ્રમાણે આ યજ્ઞ કરીને હવા ચોખ્ખી અને સુગંધિત બનાવવી કે જેથી વૃષ્ટિ અમૃત જેવી થાય અમૃત એટલે દરેકે દરેક વનસ્પતિ વગેરેને માટે પુષ્ટિકારક જળ વરસે છે. ખરેખર, જુના વખતમાં ઘરેઘર આવા યજ્ઞ થતા હતા તોજ હાલમાં ચાલતા ભયંકર રોગો, પાણીની તંગી અને ભુખમરો નહોતો, તો હવે હે! પ્રિય ભાઇઓ અને બહેનો! જ્યારે જ્યારે ભયંકર રોગ અને વૃષ્ટિ નહિ વરસે ત્યારે ત્યારેજ ચકલે ચકલે હવન કરી શાન્તિ મેળવવા કરતાં પાણી પહેલાં પાળ બાંધવી એટલે દરરોજ હવન કરવો કરાવવો, એ આપણો સનાતન ધર્મ છે. તે પ્રમાણે ચાલવા ઇશ્વર સદ્બુદ્ધિ આપો.

તથાસ્તુ.

॥ आचमन मन्त्रः ।

ओ३म् शंनो देवीरभिष्टय आपो भवन्तु पीतये ।
शंयोरभि स्रवन्तु नः ॥ १ ॥

ભાવાર્થ:—સર્વનો પ્રકાશક, સર્વને આનંદ આપનાર અને સર્વ વ્યાપક પરમેશ્વર ! મનોવાંછિત આનંદને માટે અને પૂર્ણાનંદની પ્રાપ્તિ સારૂ અમને કલ્યાણકારી થાઓ. એટલે કે અમારૂં કલ્યાણ કરો, અને અમારાપર સુખની હંમેશાં વૃષ્ટિ (વરસાદ) કરો, (આ મંત્ર બોલી ત્રણવાર આચમન કરવું.)

अंगस्पर्श मंत्राः ।

ओं वाक् वाक् । ओं प्राणः प्राणः । ओं चक्षुः चक्षुः । ओं श्रोत्रं श्रोत्रम् । ओं नाभिः । ओं हृदयम् । ओं कण्ठः । ओं शिरः । ओं बाहुभ्यां यशोबलम् । ओं करतल कर पृष्ठे ॥ २ ॥

ભાવાર્થ:—હે અંતર્યામિન્ ! હું આપની પાસે અરજ કરૂંછું કે હું વાણી, પ્રાણ નેત્ર, કાન, નાભિ, હૃદય, કંઠ, અનેમાથાવડે શુભ કામો કરૂં, કદીપણ પાપ ન કરૂં એવી સદ્બુદ્ધિ આપી મારાં સઘળાં અવયવોને કૃપયા યશ અને બલ આપો. (આ મંત્ર બોલી દરેક અંગને પાણી વડે સ્પર્શ કરવો.)

मार्जन मंत्राः ।

ओं भूः पुनातु शिरसि । ओं भुवः पुनातु नेत्रयोः । ओं स्वः पुनातु कंठे । ओं महः पुनातु हृदये । ओंजनः पुनातु नाभ्याम् । ओं तपः पुनातु पादयोः । ओं सत्यं पुनातु पुनः शिरसि । ओं खं ब्रह्म पुनातु सर्वत्र ॥३॥

ભાવાર્થ:–હે પ્રાણપ્રિય, ચૈતન્યસ્વરૂપ, દુઃખનાશક, સુખદાયક, સર્વવ્યાપક, આનંદમય, સર્વથી મહાન્, સર્વને પૂજવા લાયક, સર્વના પિતા, દુષ્ટોને દંડ દેનાર, સર્વને ઓળખનાર, સર્વનું હિતકરનાર, અને અવિનાશી પરમાત્મન ! તમે અમારા શિર, આંખ, કંઠ, હૃદય, નાભિ, પગ એ સર્વ અંગોને શુદ્ધ કરી બળવાન બનાવો એવી વિનંતિ કરીએ છીએ. (આ મંત્ર બોલી દરેક ગણાવેલા અંગોને પાણીવડે સ્પર્શ કરવું.)

प्राणायाम मन्त्राः ।

ओं भूः । ओं भुवः । ओं स्वः । ओं महः । ओं जनः । ओं तपः । ओं सत्यम् ॥ ४ ॥

પ્રથમ આચમન, ઇંદ્રિયસ્પર્શ, માર્જનાદિ કર્યા બાદ બરાબર સ્થિર ચિત્તે આસન માંડીને પ્રાણાયામ કરવા, આથી શરીર તથા મનની શુદ્ધિ થશે.

अघमर्षण मंत्राः ।

ओ३म् ऋतञ्च सत्यञ्चाभीद्धात्तपसोऽध्यजायत ।
ततो रात्र्यजायत ततः समुद्रो अर्णवः ॥ ५ ॥

ભાવાર્થ—તેજ ઇશ્વરની અનંત શકિત વડે પૃથ્વી અને અંતરિક્ષમાં મહા સમુદ્રો પેદા થયા,

समुद्रादर्णवादधि संवत्सरो अजायत ।
अहोरात्राणि विदधद्विश्वस्य मिषतो वशी ॥ ६ ॥

તે પછી વર્ષ ઉત્પન્ન થયા અને તે બાદ આખા જગતને વશીભૂત કરનાર પરમેશ્વરે દિવસ અને રાત્રિ ઉત્પન્ન કર્યાં.

सूर्याचन्द्रमसौ धाता यथा पूर्वमकल्पयत् ।
दिवंच पृथिवीं चान्तरिक्षमथो स्वः ॥ ७ ॥

વળી તે ઇશ્વરે સૂર્ય, ચંદ્ર, આકાશ, પૃથ્વી વગેરેને પણ પહેલાંની માફક સરજ્યાં.

मनसा परिक्रमा मंत्राः ।

ओ३म् प्राची दिगग्निरधिपतिरसितो रक्षितादित्या इषवः । तेभ्यो नमोऽधिपतिभ्यो नमो रक्षितृभ्यो नम इषुभ्यो नम एभ्यो अस्तु । योऽ३स्मान् द्वेष्टि यं वयं द्विष्मस्तंवो जम्भे दध्मः ॥ ८ ॥

ભાવાર્થ:-પૂર્વ દિશાનો રાજા સર્વજ્ઞ, બંધન રહિત, સર્વ જગતનો સ્વામી, સર્વ પ્રાણીમાત્રનું રક્ષણ કરનાર ઈશ્વર છે. તેને આવા ગુણોવાળો હોવાથી "અગ્નિ" કહ્યો છે. ઈશ્વરના ગુણ અને ઈશ્વરના રચેલા પદાર્થો જગતની રક્ષા કરે છે અને પાપીઓને બાણોથકી પીડા દે છે. તેમને અમારા નમસ્કાર છે. તે એટલા માટે કે જે પ્રાણી અજ્ઞાનથી અમારો દ્વેષ કરે છે અને જે અજ્ઞાનથી ધાર્મિક પુરૂષનો તથા પાપી પુરૂષોનો અમે દ્વેષ કરીએ છીએ, તે સર્વની બુરાઈને તે બાણરૂપ કિરણો દગ્ધ કરી દે છે. જેથી કે કોઈ સાથે અમે લોક વેરભાવ ન કરીએ અને કોઈપણ પ્રાણી અમારાથી વેર ન કરે અને અમે લોક પરસ્પર મિત્ર ભાવથી વર્તીએ.

ओइम् दक्षिणा दिगिन्द्रोऽधिपतिस्तिरश्चिराजी रक्षिता पितर इषवः । तेभ्यो० ॥ ९ ॥

ભાવાર્થ:-દક્ષિણ દિશાનો અધિપતિ પૂર્ણ ઐશ્વર્યવાળો ઇંદ્ર છે. ક્ષુદ્ર જંતુઓથી રક્ષા કરનાર તેજ ઈશ્વર છે. એના બાણ તે જ્ઞાની લોક છે. તેવા ઈશ્વરને અમારા નમસ્કાર છે.

ओं प्रतीची दिग्वरुणोऽधिपतिः पृदाकू रक्षितान्नमिषवः । तेभ्यो० ॥ १० ॥

ભાવાર્થ:-પશ્ચિમ દિશામાં પરમેશ્વર વરુણ રૂપે રહી વિષધારી પશુઓથી અમારૂં રક્ષણ કરે છે. વળી તે અમારા પ્રાણોનું અન્ન મારફતે રક્ષણ કરે છે તે ઇશ્વરને નમસ્કાર છે. (બાકીનું પહેલાંની માફક)

ओं उदीची दिक् सोमोऽधिपतिः स्वजो रक्षिता शनिरिषवः । तेभ्यो ॥ ११ ॥

ભાવાર્થ:-ઉત્તર દિશામાં શાંત સ્વરૂપ પરમાત્મા બિરાજે છે. તે અજન્મા અને રક્ષક છે. વિજળી મારફતે અમારા પ્રાણની રક્ષા કરે છે. તથા રૂધિરમાં નિયમિત ગતિ ચાલુ રાખે છે તે ઇશ્વર ને૦

ओं ध्रुवा दिग्विष्णुरधिपतिः कल्माषग्रीवो रक्षिता वीरुध इषवः । तेभ्यो० । १२ ॥

નીચેની દિશામાં આપ વ્યાપક સ્વરૂપ છો. લીલાં રંગવાળાં વૃક્ષો તમારી ગ્રીવા (ગરદન) છે. સર્વ વનસ્પતિ તમારાં બાણો છે. તેવા ઇશ્વરને૦

ओं ऊर्ध्वादिग् बृहस्पतिरधिपतिः श्वित्रो रक्षिता वर्षमिषवः तेभ्यो० ॥ १३ ॥

ઉપરની દિશામાં પરમેશ્વર વાણીના સ્વામી તરીકે છે. તેનાં બાણો વરસાદ છે. તેવની તે અમારૂં રક્ષણ કરે છે.

અમારાં અંતરોમાં લીલાલ્હેર કરી મૂકે છે તેવા ઇશ્વર ! તમને અમારું નમન છે.

उपस्थान मंत्राः ॥

ओं. उद्वयं तमसस्परिस्वः पश्यन्त उत्तरम् । देवं देवत्रा सूर्य मगन्मज्योति रुत्तमम् ॥ १४ ॥

ભાવાર્થ:–હે મહાદેવ ! સર્વ અંધકારથી અલગ પ્રકાશ સ્વરૂપ, પ્રલયની પછી પણ રહેનાર, દેવોનો પણ દેવ, પ્રકાશ કરવાવાળામાં પ્રકાશક, ચરાચરના આત્મા, જ્ઞાન સ્વરૂપ અને સર્વ શ્રેષ્ટ આપને જાણીને અમે આપને શરણે આવ્યા છીએ. રક્ષા કરવી આપના હાથમાં છે.

ओइम् उदुत्यं जातवेदसं देवं वहन्ति केतवः । दृषे विश्वाय सूर्यम् ॥ १५ ॥

ભાવાર્થ:–જેનાથી ચારવેદ ઉત્પન્ન થયા છે, જે સર્વ ભૂત માત્રમાં વ્યાપક છે, જે સર્વ જગતનો ઉત્પાદક છે, જે સર્વ દેવનો દેવ અને જગતનો પ્રકાશક છે, જેને વેદ સર્વ ચીજોનો નિયામક ગણે છે, તે વિશ્વના આત્મરૂપ અંતર્યામી પરમાત્માની અમે ઉપાસના કરીએ, બીજા કોઇની પણ નહિ.

ओं चित्रं देवानामुदगादनीकं चक्षुर्मित्रस्य वरुणस्याग्नेः । आप्राद्यावा पृथिवी अन्तरिक्ष सूर्य आत्मा जगतस्तस्थुषश्च स्वाहा ॥ १६ ॥

પ્રાણી અને જડ જગતનો જે આત્મા છે, જે સૂર્ય અને બીજા સર્વને બનાવનાર તથા પોષનાર છે, જે રાગ દ્વેષ રહિત મનુષ્ય તથા સૂર્ય લોક અને પ્રાણના ચક્ષુનો પ્રકાશ કરનાર છે, જે અદ્ભૂત સ્વરૂપ રૂપે વિદ્વાનોના હૃદયમાં સદા પ્રકાશિત રહે છે, જે સર્વ મનુષ્યનાં સર્વ દુઃખ નાશ કરવાને માટે પરમ ઉત્તમ બળ છે તે પરમેશ્વર અમારા હૃદયમાં યથાવત્ પ્રકાશિત રહો.

ओं तच्चक्षुर्देव हितं पुरस्ताच्छुक्रमुच्चरत् । पश्येम शरदः शतं जीवेम शरदः शतं श्रृणुयाम शरदः शतं प्रब्रवामशरदः शतमदीनाः स्यामशरदः शतं भूयश्च शरदः शतात् ॥ १७ ॥

જે બ્રહ્મ સર્વનો દૃષ્ટા, ધાર્મિક વિદ્વાનોનો પરમહિતકારક, તથા સર્વકાળમાં એકજ સ્વરૂપે રહેનાર, જગત્નો ઉત્પન્ન કરનાર પરમેશ્વર છે તે પરમેશ્વરની અમે સો વરસ સુધી ઉપાસના કરીએ, અને તે માટે અમે સો વરસ સુધી જીવીએ ત્યાં લગી સાંભળીએ બોલીએ, અને ત્યાં સુધી કોઇને પણ આધીન રહીએ નહિ. તે પરમેશ્વરની આજ્ઞાપાલન અને કૃપાથી સો વર્ષ સુધી અરે તે ઉપરાંત પણ અમે લોક જીવીએ, સાંભળીએ અને તમારી આજ્ઞા બીજાને સંભળાવીએ, તથા સ્વતંત્ર થઇએ એટલે આરોગ્ય શરીર, દૃઢ ઇંદ્રિય, શુદ્ધ મન અને આનન્દી આત્મા સદા રહે.

गायत्री मंत्रः ॥

ओ३म् भूर्भुवः स्वः । तत्सवितुर्वरेण्यं भर्गोदेवस्य धीमहि । धियो यो नः प्रचोदयात् ॥ १८ ॥

સર્વજગતનો ઉત્પન્ન કરનાર, ઐશ્વર્ય આપનાર, સર્વના આત્માને પ્રકાશ દેનાર, સર્વસુખનો દાતા, અને અત્યંત ગ્રહણ કરવા લાયક, શુદ્ધ વિજ્ઞાન સ્વરૂપ, મુક્તિનો દાતા, સર્વ વ્યાપક પરમાત્માને અમે હંમેશ પ્રેમ અને ભક્તિથી નિશ્ચય કરીને પોતાના આત્મામાં ધારણ કરીએ કારણ કે તે અમારી બુદ્ધિઓને કૃપા કરીને સર્વ ખરાબ કામથી દૂર કરીને સદા ઉત્તમ કામોમાં પ્રવૃત થવાની બુદ્ધિ આપે છે.

नमस्कार मंत्रः ॥

ओं नमः शम्भवायच मयोभवायच नमः शंकरायच मयस्करायच नमः शिवायच शिवतरायच ॥ १९ ॥

જે સુખ સ્વરૂપ સંસારના ઉત્તમ સુખોને આપવાવાળા, કલ્યાણના કર્તા, મોક્ષ સ્વરૂપ, ધર્મ યુક્ત કામોને કરવાવાળા, પોતાના ભકતોને સુખ આપનારા, ધાર્મિક બનાવનારા, અત્યંત મંગલ સ્વરૂપ, ધાર્મિક મનુષ્યના મોક્ષ દાતા છે, તે ઇશ્વરને વારંવાર નમસ્કાર કરૂં છું.

(આટલે સુધીની સંધ્યા વિધિ થયા બાદ નીચેના મંત્રો પ્રાર્થનાના બોલવા અને પછીથીજ હવન કરવો)

प्रार्थना मंत्राः ॥

विश्वानि देव सवितर्दुरितानि परासुव । यद्भद्रं तन्न आसुव ॥ २० ॥

હે સકલ જગતના ઉત્પાદક ! સર્વ સુખ દાતા પરમેશ્વર દેવ ! તમે અમારાં સંપૂર્ણ દુર્ગુણ, દુર્વ્યસન, પાપ, દુષ્ટ સંકલ્પ અને દુઃખોને દૂર કરો, અને જે કલ્યાણકારક ગુણ, કર્મ, સ્વભાવ અને પદાર્થ હોય તે સર્વ અમને આપો.

ओं भद्रं कर्णेभिः शृणुयाम देवा भद्रं पश्येमाक्षभिर्यजत्राः । स्थिरैरंगैस्तुष्टुवांसस्तनूभिर्व्यशेम देवहितं यदायुः ॥ २१ ॥

હે પરમાત્મન્ ! અમે હંમેશાં કાનોથી સારું સાંભળીએ, આંખોથી સારું જોઇએ. અમારૂં શરીર દૃઢ રહે કે જેથી અમે સ્થિર ચિત્તે તમારી ભક્તિ કરવા શક્તિમાન થઇએ, ભગવન્ ! આપના સેવક જે વિદ્વાનો છે તેમની સેવા કરવા માટે અમને સો વરસનું આયુષ્ય આપ. અમારૂં આખું જીવન આપની અને સંત ભકતોની સેવા કરીએ એવું બનાવ એવી આપ પ્રત્યે નમ્ર પ્રાર્થના છે.

ओं शंनो मित्रः शंवरुणः शंनो भवत्वर्यमा । शंन इन्द्रो बृहस्पतिः शंनो विष्णु रुरुक्रमः ॥ २२ ॥

હે મંગલદાતા ઇશ્વર ! હે સર્વોત્તમ સર્વ વ્યાપક વિષ્ણો ! તમે અમને સુખી કરો, કારણકે તમે અમારા પરમ મિત્ર છો.

ओं यां मेधां देवगणाः पितरश्चोपासते । तयामामद्य मेधयाऽग्ने मेधा विनं कुरु ॥ २३ ॥

હે પરમાત્મન્ ! જે બુદ્ધિને લીધે મહાત્માઓ આપને પ્રિય થઈ પડયા છે તે બુદ્ધિનું અમને પણ દાન દો.

सर्वात्मा सच्चिदानंदो विश्वादिर्विश्वकृद्विभुः
भूयात्तमां सहायो नस्सर्वेशो न्यायकृच्छुचिः ॥ २४ ॥

સર્વત્ર ગતિ છે જેની તેવા સચ્ચિદાનંદ, વિશ્વકર્તા, વિભુ, સર્વના માલિક, ન્યાયકારી શુદ્ધ પરમાત્મા અમને મદદ કરો.

ओं हिरण्य गर्भः समवर्तताग्रे भूतस्य जातः पतिरेक आसीत् । सदाधार पृथिवींद्यामुतेमां कस्मै देवाय हविषा विधेम ॥ २५ ॥

જે સ્વ પ્રકાશ સ્વરૂપ છે, જેણે સૂર્ય ચંદ્રાદિ ઉત્પન્ન કર્યાં છે, જે સર્વ જગતનો ચેતન સ્વરૂપ ધર્તા છે તે સુખરૂપ શુદ્ધ ઇશ્વરની અમે ભક્તિ કરીએ.

ओं य आत्मादा बलदा यस्य विश्व उपासते प्रशिषं यस्य देवाः यस्यच्छायाऽमृतं यस्य मृत्युः कस्मै देवाय हविषा विधेम ॥ २६ ॥

જે આત્મજ્ઞાનનો, શરીર આત્મા અને સમાજનો, બળનો દાતા, સર્વનો ઉપાસ્ય, સર્વનો આશ્રય દાતા, સુખરૂપ, સકલ જ્ઞાનનો દાતા પરમાત્મા છે તેની અમે ભક્તિ કરીએ.

य प्राणतो निमिषतो महित्वैक इद्राजा जगतो बभूव । यईशेऽअस्यद्विपदश्चतुष्पदः कस्मै देवाय हविषा विधेम ॥ २७ ॥

પોતાની અનંત મહિમા વડે પ્રાણી કે અપ્રાણીમાં પણ વિરાજનાર સર્વ પ્રાણી માત્રના અદ્‌ભુત શરીરની રચના કરનાર, સુખ સ્વરૂપ ઇશ્વરની ભક્તિ કરીએ તથા તેના કાયદા પ્રમાણે વર્તીએ.

येन द्यौ रुग्रा पृथिवी च दृढा येन स्वः स्तभितं येन नाकः । यो अन्तरिक्षे रजसो विमानः कस्मै देवाय हविषा विधेम ॥ २८ ॥

જે ઇશ્વરે તીક્ષ્ણ સ્વભાવવાળા સૂર્યાદિને, દૃઢપૃથ્વીને સુખ અને દુઃખ રહિત મોક્ષને ધારણ કર્યા છે, જે સર્વનો નિર્માતા, છે તે ઇશ્વરની અમે પ્રાર્થના કરીએ.

प्रजापते नत्वदेतान्यन्यो विश्वा जातानि परि ताबभूव । यत्कामास्ते जुहुमस्तन्नोऽअस्तु वयं स्याम पतयो रयीणाम् ॥ २९ ॥

સર્વ જડ ચેતનાદિના સર્વોપરિ, સર્વ શકિતમાન સ્વામી પરમાત્મન્ ! જે જે પદાર્થની શુભેચ્છામાં અમે આપની સહાયતા માગીએ તે તે આપની મહેરબાનીથી સિદ્ધ થાઓ કે જેથી ધનૈશ્વર્યના સ્વામી થઇએ.

स नो बंधुर्जनिता स विधाता धामानि वेद भुवनानि विश्वा । यत्र देवा अमृत मानशानास्तृतीये धामन्न ध्यैरयन्त ॥ ३० ॥

હે મનુષ્યો ! જે પરમાત્મા આપણને ભ્રાતા સમાન સુખ દાયક, સકલ જગતનો ઉત્પાદક, સર્વ કામોને પૂર્ણ કરનાર. સાંસારિક સુખદુઃખથી રહિત, નિત્યાનંદ સ્વરૂપ યુકત છે, તે પરમાત્મામાં વિદ્વાનો મોક્ષ પ્રાપ્ત કરીને ઇચ્છા પૂર્વક વિચરે છે, તે ઇશ્વર આપણો ગુરુ, આપણો આચાર્ય તથા ન્યાયાધીશ છે. તેની આપણ સર્વ સદા ભકિત કરીએ.

अग्ने नय सुपथाराये अस्मान् विश्वानि देव वयुनानि विद्वान । युयोध्यस्मज्जुहुराणमेनो भूयिष्ठान्ते नम उक्तिं विधेम ॥ ३१ ॥

હે સર્વ જગતના પ્રકાશક સુખ દાતા પરમેશ્વર ! કૃપા કરીને અમને વિજ્ઞાન અથવા રાજ્યાદિ ઐશ્વર્યની પ્રાપ્તિ કરાવો. અમે પાપ કર્મ ન કરીએ એવી બુદ્ધિ આપો અને અમે આપની હમેશાં સ્તુતિ કરીએ એવું બળ દો.

ओं अभयं नः करत्यन्तरिक्षमभयं द्यावा पृथिवी उभे इमे। अभयं पश्चादभयं पुरस्तादुत्तरादधरादभयं नो अस्तु ॥ ३२ ॥

अभयं मित्रादभयममित्रादभयं ज्ञातादभयं परोक्षात्। अभयं नक्तमभयं दिवा नः सर्वा आशा मममित्रं भवन्तु ॥ ३३ ॥

હે પરમાત્મન્! અમો અંતરિક્ષ તરફથી, પૃથિવી, સૂર્ય, ચંદ્ર વગેરે ગ્રહો તરફથી, અને આગળ પાછળ, ઉત્તર દક્ષિણ, પાતાળ એ સર્વ દિશા તરફથી અભય બનાવો.

હે ઇશ્વર! અમને મિત્ર શત્રુ, જ્ઞાની, અજ્ઞાની, એ સર્વ તરફથી અભય બનાવી અમારા મિત્રની સર્વ આશા ફળીભૂત કરો.

आ ब्रह्मन् ब्राह्मणो ब्रह्मवर्चसी जायताम्।

आ राष्ट्रे राजन्यः शूर इषव्योऽति
व्याधि महारथो जायताम्।

दोग्ध्री धेनुर्वोढा नड्वानाशुःसप्तिः
पुरन्धिर्योषा जिष्णू रथेष्ठाः

सभेयो युवास्य यजमानस्य वीरो जायताम्
निकामे निकामे नः पर्जन्यो वर्षतु

फलवत्यो न ओषधयः पच्यन्ताम
योगक्षेमो नः कल्पताम् ॥
सुप्रजाः प्रजाभिः स्याम् सुवीरो वीरैः
सुपोष पोषैः ॥ ३४ ॥

હે પરમેશ્વર! અમારા રાજ્યમાં (૧) વિદ્યા તથા તપના તેજવાળા બ્રાહ્મણો પેદા થાઓ. (૨) બાણાવળી, દુષ્ટોને શિક્ષા કરનાર, મહારથી, નિર્ભય બળવાન રાજપુત્રો પેદા થાઓ. (૩) ગાયો દૂધઆપનારી થાઓ એટલે કે દૂધની નદીઓ વહો (૪) ખૂબ ભાર ઉપાડનારા સારા ઉંચા બળદ થાઓ કે જેથી આ દેશમાં ખેતી સારી થઇ શકે. (૫) ઝડપથી ચાલનાર ઘોડા થાઓ. (૬) ગૃહકાર્યમાં સર્વરીતે નિપુણ, આજ્ઞાધારી, સુશીલ સ્ત્રીઓ થાઓ. (૭) સ્થિર ચિત્તથી દુશ્મનોને સામ, દામ, દંડ અને ભેદથી જીતનાર યુવાન રાજ સભાસદો (ministers) પેદા થાઓ. (૮) કર્ત્તવ્ય પરાયણ ધાર્મિક ગૃહસ્થીઓ થાઓ. (૯) ગૃહસ્થીઓને ત્યાં વીર સંતાન પેદા થાઓ. (૧૦) અમારી મરજી મુજબ માગ્યો મેહ વરસે. (૧૧) સર્વ વનસ્પતિ અમારે માટે ફળવાળી થાઓ. રસવાળી થાઓ, ફળ મોટા અને રસદાર પાકો. (૧૨) અને છેક છેલ્લી પ્રાર્થના એ કે અમારૂં ચિત્ત

આપની ભક્તિમાં મરણ પર્યંત ક્ષેમથી લાગે એવું બળ અમારામાં ઉત્પન્ન કરો.

ओं दृते दृंहमा मित्रस्य मा चक्षुषा सर्वाणि भूतानि समीक्षन्ताम् । मित्रस्याहं चक्षुषा सर्वाणि भूतानि समीक्षे । मित्रस्य चक्षुषा समीक्षामहे ॥ ३५ ॥

આ દુનીઆના સર્વ પ્રાણી માત્રને મિત્રની નજરથી જોઈએ, એવી બુદ્ધિ હે દેવ ! અમને આપ.

सहना ववतु सहनौ भुनक्तु सहवीर्यं करवावहै तेजस्विनावधीतमस्तु मा विद्विषावहै ॥ ३६ ॥

હે પરમાત્મન ! અમે હમેશાં સર્વ કાર્ય સંપીને કરીએ, કે જેથી અમારામાં તેજનો, બળનો, વીર્યનો વધારો થાય. અને અમે કોઇની પણ પ્રત્યે દ્વેષ રાખીએ નહિ.

उपाध्यायान् दशाचार्य,
आचार्याणां शतं पिता ।
सहस्रन्तु पितृन् माताः
गौरवेणातिरिच्यते ॥ ३७ ॥

દશ માસ્તરો (ગુરૂઓ) બરાબર એક આચાર્ય, સો આચાર્ય બરાબર એક પિતા, એક હજાર પિતા બરાબર એક માતાનું ગૌરવ ગણાય છે. (મનુસ્મૃતિ)

ओं द्यौः शान्तिरन्तरिक्षं शान्तिः पृथिवी शांति-रापः शांतिरोषधयः शान्तिः। वनस्पतयः शान्तिर्विश्वे देवाः शान्तिर्ब्रह्म शान्तिः सर्व ँ शान्तिः शान्तिरेव शान्तिः सामा शान्तिरेधि। ओ३म् शांतिः शांतिः शांतिः ॥ ३८ ॥

સર્વ સ્થળે શાંતિનુંજ રાજ્ય ફેલાવો એવો ટુંક ભાવ છે. આ મંત્રજ દેખાડી આપે છે કે ભારતવાસીઓને શાંતિ ઘણીજ પ્રિય હતી અને હાલ પણ તેમજ છે.

॥ अग्नि होत्रम ॥

વિધિઃ—એક હવન કુંડ લેવો. હવન કરનારે પૂર્વ દિશાએ મુખ રાખી બેસવું. ઘૃત તથા હવનની સામગ્રી (ધૂપ) લેવી. એક શુદ્ધ પાણીનો પ્યાલો લેવો. સુખડની ચાર સમિધા લેવી. શુદ્ધ મનથી પવિત્ર થઈ હવન શરૂ કરવો.

નીચેના બે મંત્રો વડે અગ્નિ પ્રગટાવવો.

ओ३म् भूर्भुवः स्वर्द्यौरिव भूम्ना पृथिवी व वरिम्णा। तस्यास्ते पृथिवी देव यजनि पृष्ठेऽग्निमन्ना दमन्ना धायादधे ॥ १ ॥

ओं उद्बुध्यस्वाऽग्ने प्रति जागृहि त्वमिष्टा पूर्ते नः सृजेथा मयं च। अस्मिन्त्सधस्थे अध्युत्तरस्मिन विश्वेदेवायजमानश्चसीदत ॥ २ ॥

નીચેના મંત્રો વડે સુખડની એક એક સમિધા ઘીમાં બોળીને આહુતિમાં આપવી.

ओं अयन्त इध्म आत्मा जातवेदस्तेनेध्यस्व वर्धस्व चेद्धवर्धय चास्मान् प्रजया पशुभिर्ब्रह्म वर्चसेना-न्नाद्येन समेधयस्वाहा ॥ ३ ॥

(આ વડે એક સમિધા નાખવી.)

ओं समिधाग्निं दुवस्यत घृतैर्बोधयतातिथिम् आस्मिन् हव्या जुहोतन स्वाहा । इदमग्नये इदन्न-मम ॥ ४ ॥

ओं सुसमिद्धाय शोचिषे घृतं तीव्रं जुहोतन । अग्नये जातवेदसे स्वाहा ॥ ५ ॥ इदमग्नये जात-वेदसे–इदन्नमम ॥ આ બે મંત્રો વડે એક સમિધા નાખવી.

ओं तन्त्वा समिद्भिरंगिरो घृतेन वर्धयामसी । बृहच्छोचायविष्ठय स्वाहा ॥ इदमग्नये अंगिरसे–इदन्नमम ॥ ६ ॥

આ મંત્ર વડે છેક છેલ્લી પણ સમિધા હોમી દેવી.

પછી **ओं अयन्त॰** નામના ઉપલા મંત્ર નંબર ३ વડે પાંચ ઘીની આહુતિઓ પાંચ વાર બોલીને આપવી.

પછી અંજલિ (ખોબામાં) પાણી લઇ કુંડની આગળ પાછળ નીચેના મંત્રો બોલી પાણી રેડવું.

ओं अदितेऽनुमन्यस्व: ॥ પૂર્વમાં ॥
ओं अनुमतेऽनुमन्यस्व: ॥ પશ્ચિમમાં ॥
ओं सरस्वत्यनुमन्यस्व: ॥ ઉત્તરમાં ॥

ओं देव सवित: प्रसुव यज्ञं प्रसुव यज्ञपतिं

भगाय दिव्यो गंधर्वः केतपूःकेतन्नः पुनातु वाचस्पति-
र्वाचन्नः स्वदतु ॥ ७ ॥ ચારે તરફ ॥

નીચેના મંત્રોથી ઘૃતની આહુતિ આપવી.

ओं अग्नये स्वाहा ॥ इदमग्नये-इदन्नमम ॥ ઉત્તરમાં ॥
ओं सोमाय स्वाहा ॥ इदं सोमाय-इदन्नमम ॥
દક્ષિણમાં ॥
ओं प्रजापतये स्वाहा ॥ इदं प्रजापतये-इदन्नमम ॥
(મધ્યમાં)
ओं इन्द्राय स्वाहा ॥ इदमिन्द्राय-इदन्नमम ॥ (મધ્યમાં)

હવે ધૂપ પણ સાથે સાથે નાખવા.

ओं सूर्यो ज्योतिर्ज्योतिः सूर्यः स्वाहा ॥
ओं सूर्यो वर्चो ज्योतिर्वर्चः स्वाहा ॥
ओं ज्योतिः सूर्यः सूर्योज्योतिः स्वाहा ॥
ओं सजूर्देवेन सवित्रा सजूरुषसेन्द्रवत्या जुषाणः सूर्यो
वेतु स्वाहा ॥
ओं अग्निर्ज्योतिर्ज्योतिरग्निः स्वाहा ॥
ओं अग्निर्वर्चो ज्योतिर्वर्चः स्वाहा ॥
ओं अग्निर्ज्योतिर्ज्योतिरग्निः स्वाहा ॥

ओं मजुर्देवेन मविश्रा मजुराग्रेंद्रवत्या जुषाणां अग्निर्वेतु स्वाहा ॥

નીચેના મંત્રો વડે પણ આહુતિ આપવી.

ओं भूरग्नये प्राणाय स्वाहा ॥ १ ॥
इदमग्नये प्राणाय इद नमम ॥

ओं भुवर्वायवेऽपानाय स्वाहा ॥ २ ॥
इदं वायवेऽपानाय इदन्नमम ॥

ओं स्वगादित्याय व्यानाय स्वाहा ॥ ३ ॥
इदमादित्याय व्यानाय इदन्नमम ॥

ओं भूर्भुवः स्वरग्नि वाय्वादित्येभ्यः प्राणापान व्यानेभ्यः स्वाहा ॥ इदमग्नि वाय्वादित्येभ्यः प्राणापान व्यानेभ्यः इदन्नमम ॥

ओं आपो ज्योति रसोऽमृतंब्रह्मभूर्भुवः स्वरों स्वाहा ॥

ओं अग्ने व्रतपते व्रतं चरिष्यामि तत्ते प्रब्रवीमि तच्छकेयं तन्मेराध्यताम् ।

इदमहमनृतात्सत्य मुपैमि स्वाहा ॥

નીચેના નંબરોવાળા મંત્રો વડે પણ આહુતિ આપવી.

સંધ્યાના મંત્ર નંબર ૨૩.

" " ૨૦ ૨૫-૨૬-૨૭-૨૮

" ૨૯ ૩૦ ૩૪

ગાયત્રી મંત્ર નંબર ૧૮

આટલી આહુતિઓ આપ્યાબાદ નીચેનો મંત્ર ત્રણવાર બોલી બચેલું ઘી તથા ધૂપ હોમવો

ओं सर्वं वै पूर्ण ᳪ स्वाहा ॥

પછી પૂર્વ તરફ બેસી પોતાના થોડા હાથ તપાવી અંગ-સ્પર્શ કરવો.

ओं तनूपाऽग्नेऽसितन्वं मे पाहि ।
आयुर्दाऽग्नेस्यायुर्मे देहि ।
वर्चोदाऽग्नेऽसि वर्च्चोमेदेहि ।
अग्ने यन्मे तन्वा ऊनं तन्म आपृण ।
तेजोऽसि तेजो मयि धेहि ।
वीर्यमसि वीर्यं मयि धेहि ।
बलमसि बलं मयि धेहि ।
ओजोऽस्योजो मयि देहि ।
मन्युरसि मन्युं मयि धेहि ।
सहोऽसि सहो मयि धेहि ।

ओ३म शांतिः शांतिः शांतिः ॥

ઈશ્વર પ્રાર્થના.

ઓ ! ઈશ્વર ! તું એક છે, સરજ્યો તેં સંસાર
પૃથ્વી, પાણી, પર્વતો, તેં કીધાં તૈયાર. ૧
તારા સારા શોભીતા, સૂરજને વળી સોમ;
તે તો સઘળાં તેં રચ્યાં, જબરૂં તારૂં જોમ. ૨
અમને અદકાં જ્ઞાન ગુણ, તેનો તું દાતાર;
ભૂલે પાપી પ્રાણીઆં, એ તારો ઉપકાર. ૩
કાપ કલેશ કંકાસને, કાપ પાપ પરિતાપ;
કાપ કુમતિ કરૂણા કરી, કાપ કષ્ટ સુખ આપ. ૪

આરતી.

જય જગદીશ હરે, પિતા જય જગદીશ હરે; (૨) ટેક
ભક્તજનકે સંકટ (૨) ક્ષણમેં દૂર કરે. ઓ જય૦
જો ધ્યાવે ફલ પાવે, દુઃખ વિનશે મનકા. (૨)
સુખ સંપતિ ઘર આવે, (૨) કષ્ટ મિટે તનકા. ઓ જય૦
માત પિતા તુમ મેરે, શરણ ગહૂં કિસકી.
તુમ બિન ઓર ન કોઇ, (૨) આશ કરૂં કિસકી. ઓ જય૦
તુમ પૂરણ પરમાત્મા, તુમ અંતર્યામી, (૨)
પરબ્રહ્મ પરમેશ્વર, (૨) તુમ સબકે સ્વામી. ઓ જય૦

તુમ કરૂણાકે સાગર, તુમ પાલન કર્તા; (૨)
મેં મૂરખ, ખલ, કામી (૨) કૃપા કરો ભર્તા. ઓ જય૦
તુમ હો એક અગોચર, સબકે **પ્રાણપતિ,** (૨)
કિસ વિધ મિલું દયામય (૨) તુમકો મૈં કુમતિ જય૦
દીન બંધુ દુઃખ હર્તા, તુમ રક્ષક મેરે; (૨)
કરૂણા હસ્ત બઢાઓ, (૨) શરણ પડા તેરે ઓ જય૦
વિષય વિકાર મિટાઓ, પાપ હરો દેવા; (૨)
શ્રદ્ધા ભકિત બઢાઓ, (૨) સજ્જનોંકી સેવા, ઓ૦ જય

પ્રભાતીઉં.

જાગ્યરે જીવ અજ્ઞાન આળસ તજી,
જગત કીરતારને લેને જાણી (ટેક)
નરદેહ નીરમીઓ નીતિ સંભાળવા,
આચરે અનીતિ તે અધમ પ્રાણી (જાગ્યરે)
વિશ્વકરતા તણું દીસે ડહાપણ ઘણું,
સુખકર સરજીઓ સુરજ જેણે,
તેજ ફેલે અતિ વાયુ છાદનવતી,
આંખ્ય સહુ દેખતી થાય એતો (જાગ્યરે)
ધન્ય દયાળને ધરણી એવી રચી, સિદ્ધિ પદારથ મુક્તિ સારી,
વિવિધ પ્રકારવનમાંહિ વનસ્પતિ, અખિલ છે આનંદકારી (જાગ્યરે)

પોષવા સર્વને નીર પેદા કર્યું,
વ્યોમ માંહિ રચી મેઘમાળા;
ચંદ્ર આકર્ષણે સિંધુ ભરતી ચઢે,
જાય એ જુક્તિથી વાણ વાલા (જાગ્યરે)
જ્યોતિમય ચક્ર તું જોને આકાશમાં,
દીસતા દિવ્ય અનંત તારા,
તેજ ઉપયોગી છે સંસારને:
ધન્યરે સૃષ્ટિ સરજનહારા. (જાગ્યરે)
તાહરો દેહ તું જોને કેવો કર્યો,
અદ્ભુતતા ઘણી છેજ એમાં,
સર્વે વિષયો તણું જ્ઞાન બહુ થાય છે.
તત્ત્વ મોટું કર્યું ચિત્ત તેમાં (જાગ્યરે)
બુદ્ધિયે નિશ્ચય થાય બહુ વાતના,
એ થકી અધિક ઉદ્યોગ સૂઝે,
એજ સૃજનારને મૂઢ સમજે નહિ,
મંદ મતિ મલીન પાખંડ પૂજે. (જાગ્યરે)
સરજનહારનું જ્ઞાન સોહામણું, સર્વને સમજવા યોગ્ય સારૂ,
છોટમ સઘ સંસારથી ઉદ્ધરે,
વચન સુવિચારથી માને મારૂં (જાગ્યરે)

ઉમદા ગોઠવણી:

સરાફી પાકા નામાની—જુની અને જાણીતી સ્કુલનો નવો હપ્તો (ટર્મ) ત્રણ ત્રણ મહિને શરૂ થાય છે.

ઈન્કમટેક્ષ—નાં ફોરમો ચોપડા તપાસી ભરી આપવામાં આવે છે.

અંગ્રેજી—બુકકીપીંગ હમારી ઢબથી થોડી મુદતમાં શીખી શકે એવો ક્લાસ કાઢવામાં આવ્યો છે. અને અંગ્રેજી વાંચતાં લખતાં થોડી મુદતમાં શીખી શકે એવો ક્લાશ કાઢવામાં આવ્યો છે.

મોર્નીંગ શાળા—સરાફી પાકું નામું અને અંગ્રેજી બુકકીપીંગ સ્ટુડન્ટો અને નોકરીઆત માટે ખોલવામાં આવી છે

રાત્રીશાળા— ,, ,, ,,

મેહેતાજીઓ—પાકુનામું, બુક કીપીંગ અને અંગ્રેજી મેટ્રીક સુધીનો અભ્યાસ જાણનાર મેહેતાજીઓ પ્રમાણીક અને ખાત્રીવાળા અત્રે માટે તેમદેશાવર માટે મેળવી આપવામાં આવે છે.

ટાઈપ રાઇટીંગ—ક્લાસ રાખવામાં આવ્યો છે,

સરવાયુ—કાચુ પાકુ સરવાયુ, હિસાબી કામ, વ્યાજ, નફા ટોટા જોવા, જુના ઉપરથી પાકુ નામું કરવું, ટાંચણ ઉપરથી દગેજનું પાકું કરાવવું વગેરે તમામ નામાને લગતું કામ કરી આપવામાં આવે છે, નીચે શરનામે પૂછો યા મળો.

ગણદેવીકર જીણાભાઈ નીછાભાઇ મેહેતા.

ઠે૦ હરીપરા—રેવાળાનો ટેકરો મુ૦—**સુરત.**

રાત્રે વહેલો જે સૂઈ, વહેલો ઊઠે વીર;
બળ બુદ્ધિ બહુ ધન વધે, સુખમાં રહે શરીર.